Extra No. 189

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JULY 20, 2026 / ASHADHA 29, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઇ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૧૩મી ઓક્ટોબર, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક. જી/પીટી/૨૦૨૫/૨૫/એમએસએમ/ઈ-ફાઇલ/૨૨/૨૦૨૫/૦૮૫૯/ખ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

Notification

Regarding

Amendment to the Assistant Inspector of Motor Vehicles, Class III, (Pre-service Training and Passing of Post-Training Examination) Rules, 2014

મદદનીશ મોટર વાહન નિરીક્ષક (ઈન્સ્પેક્ટર), વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓક્ટોબર, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૫/એમએસએમ/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૮૫૯/ખઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ મોટર વાહન નિરીક્ષક (ઈન્સ્પેક્ટર), વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો મદદનીશ મોટર વાહન નિરીક્ષક (ઈન્સ્પેક્ટર), વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. મદદનીશ મોટર વાહન નિરીક્ષક (ઈન્સ્પેક્ટર), વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૧૪-માં, નિયમ ૭માં.

(૧) પેટા-નિયમ (૨)માં, "સાઠ ટકા" એ શબ્દોને બદલે, "પચાસ ટકા (૫૦%)" એ શબ્દો, કૌંસ અને આકડાં મૂકવા;

(૨) પેટા-નિયમ (૨) પછી, નીચેનો પેટા-નિયમ (૨ક) દાખલ કરવોઃ-

"(૨ક) ઉમેદવાર, તાલીમાંત પરીક્ષામાં માત્ર એક પ્રશ્નપત્રમાં લાયકી ધોરણ મેળવી શકે નહિ તેવા કિસ્સામાં, તેવા ઉમેદવારને તે પ્રશ્નપત્ર માટે કુલ ગુણના ૫% સુધી કૃપા ગુણ આપવામાં આવશે અને ત્યારપછી, તે લાયકી ધોરણને સમકક્ષ અથવા તેના કરતાં વધુ ગુણ મેળવે, તો તેને પાસ જાહેર કરવામાં આવશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરેન્દ્રસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.08.24 16:26:34 IST